# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
## ગાંધીનગર

ફરિયાદી : રવિ જયંતીભાઇ પટેલ

વિરૂધ્ધ

સામાવાળા : આકાશ ડેવલોપર્સ

ફરિયાદ નં. : CMP/AHMEDABAD/190106/00008

પ્રોજેક્ટનું નામ: આકાશ ગ્રાન્ડ સીટી

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધી: પોતે

સામેવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધી : પોતે

( કોરમ:- શ્રી પી.જે.પટેલ, મેમ્બર – ૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

## હુકમ

તા : ૦૬/૦૨/૨૦૧૯

૧) ફરિયાદી દ્વારા ફરિયાદની હકિકત એવી છે કે, ફરિયાદી દ્વારા સામાવાળાના પ્રોજેક્ટ "આકાશ ગ્રાન્ડસીટી" માં બંગલા નં.-૧૮ ખરિદેલ છે જે અંગેનું મોટા ભાગનું પેમેન્ટ ચુકવી દીધેલ હોવા છતા સામાવાળા દ્વારા પઝેશન અને સેલડીડ કરી આપવામાં આવેલ નથી.

૨) રેરા ઓથોરીટીના આદેશાનુસાર તા.૦૫-૦૨-૨૦૧૯ નારોજ બંન્ને પક્ષકાર સુનાવણીમાં હાજર રહેલ તથા ફરિયાદી દ્વારા સામાવાળા સાથે ઉપરોક્ત ફરિયાદ અંગેની બાબતમાં સમજૂતી થઇ ગયેલ છે તથા

સામાવાળા સામે કોઇ પણ ફરિયાદ રહેતી નથી. તેવું બંન્ને પક્ષ તરફથી તા. ૦૪-૦૨-૨૦૧૯ના લેખિત પત્રથી જણાવવામાં આવેલ છે.

૩) કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧) સામાવાળાએ ૩ માસની અંદર દસ્તાવેજ કરી આપવા અંગે તથા ફ્લેટનો કબજો આપવા લેખિત ખાત્રી આપેલ હોઇ, ફરિયાદીની ફરિયાદનું નિવારણ થઇ ગયેલ હોઇ, ફરિયાદ નિકાલ કરવામાં આવે છે. ત્રણ માસ સુધીમાં યોગ્ય સમાધાન ન થાય તો ફરિયાદી પુન: ફરિયાદ કરવા સ્વતંત્ર રહેશે.

મેમ્બર- ૧

ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ ગુજરેરા

મેમ્બર - ૨

૬-૨-૧૯

CMP/AHMEDABAD/190106/00008